**આદિજાતિ વિસ્તારમાં આદિવાસી ખેડૂતો માટે વાડી યોજનાના યુનિટ કોસ્ટ (એકમ ખર્ચ) તથા સહાયનું ધોરણ નકકી કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**આદિજાતિ વિકાસ વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : ટીએપી/૨૦૦૬/યુઓ.૭/ધ**
**સચિવાલય,ગાંધીનગર.**
**તારીખ :**

**વંચાણે લીધા:-** **આદિજાતિ વિકાસ વિભાગના પત્ર ક્રમાંક : ટીએસપી/ ૧૦૨૦૦૨/ જી.ઓ.આઇ-૨ એક (પી.૧) તા. ૨૨/૧૦/૨૦૦૨.**

**ઠ રા વ :-**

આમુખ (૧) માં દર્શાવેલ પત્રથી આદિજાતિ વિસ્તારોમાં અનુ.જનજાતિના ખેડુતોને વાડી યોજના હેઠળ બાગાયતી ફળપાકોની કલમો/ રોપાઓનું વાવેતર કરી ત્રણ થી પાંચ વર્ષના ગાળા બાદ ગરીબ ખેડુતોને નિશ્ચિત આવક પ્રાપ્ત થાય તેવું માળખું પુરૂ પાડવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તેના અનુસંધાને આદિવાસી વિસ્તારના ગરીબ આદિવાસી ખેડુતોના શહેરી વિસ્તારમાં મોટા પાયે થતાં સ્થળાંતરને અટકાવવાના હેતુથી વાડી યોજનાનું એક મોડેલ તૈયાર કરવામાં આવેલ છે. આદિવાસી લોકોનો આર્થિક, સામાજિક અને શૈક્ષિણક વિકાસ થાય તે માટે આ અગાઉ રાજયના સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના જિલ્લા કક્ષાના બાગાયત ખાતાની તાંત્રિક દેખરેખ તથા અમલીકરણ નીચે સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી વાડી યોજનાનું અમલીકરણ થતું હતું. પરંતુ, અનુભવે સદર વાડી યોજનાના મોડેલમાં આંશિક ફેરફાર કરી યોજનાને વધુ અસરકારક બનાવવા અંગેની બાબત તેમજ અમલીકરણમાં એકસૂત્રતા લાવવા બાબત વિચારણામાં હતી.

૨. આ બાબતે પુખ્ત વિચારણાના અંતે આ ઠરાવની સાથેના બિડાણ **પરિશિષ્ટ-૧**, માં દર્શાવ્યા મુજબના ઘટકો સાથે પ્રથમ વર્ષ, બીજુ વર્ષ અને ત્રીજું વર્ષ, આમ, ત્રણ વર્ષ સુધીના યુનિટ કોસ્ટ મુજબ તેમજ **પરિશિષ્ટ-૨** માં દર્શાવ્યા મુજબ સહાય આપવાનું આથી ઠરાવવામાં આવે છે. સદરહુ વાડી યોજનાનો અમલ જિલ્લા કક્ષાના અમલીકરણ ખાતાના

તાંત્રિક માર્ગદર્શન અને અમલીકરણ નીચે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે આ વિભાગ હેઠળના પ્રાયોજના વહીવટદારશ્રીઓ દ્વારા કરવાનો રહેશે.

૩. વાડી યોજનાના અમલીકરણ માટેની શરતો અને બોલીઓ તથા અમલીકરણ પધ્ધતિ અંગેના નિયમો આ ઠરાવ સાથેના બિડાણ **પરિશિષ્ટ-૩** માં જણાવ્યા મુજબ રહેશે.

૪. આ ઠરાવની સાથેના પરિશિષ્ટ-૪ ના ભાગ-૧ અને ભાગ-૨માં જણાવેલ વિગતો સાથે જરૂરી પ્રગતિ અહેવાલ દરેક પ્રાયોજના વહીવટદારશ્રી પાસેથી કમિશનરશ્રી, આ.વિ. એ મેળવવાનો રહેશે.

૫. આ યોજના માટે રાજયના આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના વિસ્તારોને ફાળવણી કરાતા ગુજરાત પેટર્ન બજેટ સદરે, બીજરુપ અંદાજપત્ર સદરે, ખાસ કેન્દ્રિય સહાય સદરે તેમજ ભારતના બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળની જે તે વર્ષની બજેટ જોગવાઇઓ મુજબ નાણાંકીય / ભૌતિક લક્ષ્યાંકો નિર્ધારિત કરીને યોજનાનો અમલ કરવાનો રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨/૨/૨૦૦૭ ની નોંધથી મળેલ મંજુરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( જયોતિ કે. પટેલ )**
**નાયબ સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

**બિડાણ : ઉપર મુજબ.**

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, (આ.ક.વ.પ.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી
- નાણાકીય સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦, એ ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારાશ્રીઓ
- નિયામકશ્રી, બાગાયત ખાતું, ગુજરાત રાજય,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/ અમદાવાદ
- મહાલેખાકારશ્રી રાજકોટ/અમદાવાદ
- સીલેકટ ફાઇલ.

## <u>પરિશિષ્ટ-૧</u>

**વાડી યોજનાના એકમ ખર્ચ (યુનિટ કોસ્ટ) પ્રતિ એકર (૪૦ ગુંઠા) માટે ત્રણ વર્ષની યોજના હેઠળ વર્ષવાર નાણાંકીય ખર્ચની વિગત.**

| વર્ષ | અ.નં. | ઘટકનું નામ | વિગત | એકમ (સંખ્યા) | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| પ્રથમ વર્ષ | ૧ | સાધન-સામગ્રી ખર્ચ | ૧. આંબા કલમ અથવા અન્ય ફળપાકોની કલમો ખરીદી | ૪૦ થી ૫૦ | ૩૦૦૦.૦૦ |
| | | | ૨. ખેતરના સેઢા પાળા ઉપર અન્ય ફળાઉ/ બિન ફળાઉ વાનિકીના વૃક્ષોના રોપાની ખરીદી. | ૪૦૦ | ૮૦૦.૦૦ |
| | | | ૩. ખાતર ખર્ચ | - | ૩૦૦.૦૦ |
| | | | ૪. પાક સંરક્ષણ દવા ખર્ચ | - | ૩૦૦.૦૦ |
| | | | ૫. કલમો માટે આધાર/ ટેકા. (વાંસ, લાકડાના) | ૪૦ નંગ | ૪૦૦.૦૦ |
| | | | ૬. તાલીમ ખર્ચ | - | ૪૫૦.૦૦ |
| | | | ૭. સિંચાઇ ખર્ચ | - | ૧૨૮૦.૦૦ |
| | | | **કુલ** | | **૬૫૩૦.૦૦** |
| | ૨ | મજુરી ખર્ચ | ૧. કલમો/ રોપા માટે ખાડા ખોદવા તથા અન્ય માવજતો | | ૧૫૦૦.૦૦ |
| | | | **કુલ ખર્ચ (૧+૨)** | | **૮૦૩૦.૦૦** |
| | ૩ | ક્ષેત્રીય અમલીકરણ વહીવટી અને વિસ્તરણ ખર્ચ (૧૫ ટકા મુજબ) | | | ૧૨૦૫.૦૦ |
| | **પ્રથમ વર્ષનું એકંદર કુલ ખર્ચ** | | | | **૯૨૩૫.૦૦** |

| વર્ષ | અ.નં. | ઘટકનું નામ | વિગત | એકમ | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|---|
| બીજું વર્ષ | ૧. | સાધન સામગ્રી ખર્ચ | ૧. કલમો/રોપા રીપ્લેશમેન્ટ ખર્ચ | પ્રથમ વર્ષ મુજબ | ૫૦૦.૦૦ (૨૦% મુજબ) |
| | | | ૨. ખાતર ખર્ચ | - | ૩૦૦.૦૦ |
| | | | ૩. પાક સંરક્ષણ દવા ખર્ચ | | ૩૦૦.૦૦ |
| | | | ૪. સિંચાઇ તથા અન્ય માવજતો | | ૯૬૦.૦૦ |
| | | | **કુલ** | | **૨૦૬૦.૦૦** |
| | ૨. | ક્ષેત્રીય અમલીકરણ વહીવટી અને વિસ્તરણ ખર્ચ (૧૫ ટકા મુજબ ) | | | ૩૦૯.૦૦ |
| | **બીજા વર્ષનું એકંદર કુલ ખર્ચ** | | | - | ૨૩૬૯.૦૦ |
| ત્રીજું વર્ષ | ૧. | સાધન સામગ્રી ખર્ચ | ૧. ખાતર ખર્ચ | - | ૩૦૦.૦૦ |
| | | | ૨. પાક સંરક્ષણ દવા ખર્ચ | - | ૩૦૦.૦૦ |
| | | | ૩. સિંચાઇ તથા અન્ય માવજતો | - | ૧૩૦૦.૦૦ |
| | | | **કુલ** | | **૧૯૦૦.૦૦** |
| | ૨. | ક્ષેત્રીય અમલીકરણ વહીવટી અને વિસ્તરણ ખર્ચ (૧૫ ટકા) મુજબ | | | **૨૮૫.૦૦** |
| | **ત્રીજા વર્ષનું એકંદર કુલ ખર્ચ** | | | | **૨૧૮૫.૦૦** |
| | **ત્રણ વર્ષનું એકંદર કુલ ખર્ચ** | | | | **૧૩૭૮૯.૦૦** |

## <u>પરિશિષ્ટ-૩</u>

વાડી યોજના હેઠળ સહાય માટેની શરતો અને બોલીઓ તથા અમલીકરણ પધ્ધતિ:-

---

૧. આ યોજના રાજયના આદિવાસી વિસ્તારના આદિવાસી લોકો માટેની છે.

૨. આ યોજનાનો અમલ જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટના નિયંત્રણમાં અમલીકરણ ખાતાની તાંત્રિક મંજુરી મેળવી અમલીકરણ ખાતા મારફતે તથા અમલીકરણ એજન્સીઓ(સ્વૈચ્છિક સંસ્થાઆ) દ્વારા કરવાનો રહેશે.

૩. અમલીકરણ એજન્સીઓએ વાડી યોજના હેઠળ આવરી લેવા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની આગોતરી મોજણી કરી સમગ્ર રાજ્યમાં એક અમલીકરણ એજન્સી દીઠ વધુમાં વધુ ૫૦૦ એકરની મર્યાદામાં યોજનાની દરખાસ્ત પ્રાયોજના વહીવટદારશ્રીને રજુ કરવાની રહેશે.

૪. વાડી યોજનાની કામગીરીમાં સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓને અગ્રતા આપવાની રહેશે.

૫. વાડી યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના નાના સિમાંત ખેડૂતો તથા ગરીબી રેખા નીચે જીવતા અનુસૂચિત જનજાતિના ખેડુતોને અગ્રીમતા આપવાની રહેશે.

૬. વાડી યોજના હેઠળ આબોહવાકીય પરિસ્થિતિ, ફળપાકોની પોષણક્ષમતાને આધારે અને લાભાર્થીઓની માંગણી મુજબ ફળપાકોની કલમો/ રોપાઓ સરકારી નર્સરીઓ, કૃષિ યુનિવર્સિટીની નર્સરીઓ, તથા સરકાર માન્ય ખાનગી નર્સરીઓ પાસેથી પ્રમાણિત અને ખાતરીવાળી કલમો/ રોપાઓ અમલીકરણ એજન્સીઓ મારફતે પૂરી પાડવાની રહેશે.

૭. જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રી સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટ દવારા વાડી યોજનાના અમલીકરણ માટે સરકારશ્રીના સૂચવેલ ધોરણોનુસાર, અન્યથા અમલીકરણ એજન્સીઓ( સ્વૈચ્છિક સંસ્થાઓ)ને તાંત્રિક સ્ટાફ તથા અમલ કરવાની સક્ષમતા, સંસ્થાનું બંધારણ, વિશ્વસનિયતા તેમજ કામગીરીના કાર્યક્ષેત્રની યોગ્ય ચકાસણી કરી સક્ષમતા નિશ્ચિત કરીને કામગીરી સોંપવાની રહેશે.

૮. આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીને ત્રણ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૦ ગુંઠા વિસ્તાર અને વધુમાં વધુ ૩ (ત્રણ) એકર વિસ્તારની વાડીકરણ અંગે સહાયનો લાભ મળી શકશે.

૯. વાડી યોજના હેઠળ લાભાર્થીને ખરેખર થયેલ કુલ ખર્ચના ૭૫ ટકા રકમ મુજબ સહાય કાપીને જ લાભ આપવાનો રહેશે.

૧૦. લાભાર્થીના ખેતરના શેઢા - પાળા ઉપર લાભાર્થીની માંગણી મુજબ વાનિકીના વૃક્ષોના રોપાઓનું વાવેતર મરજિયાત ધોરણે કરવાનું રહેશે.

૧૧. આ યોજના હેઠળ અગાઉ લાભ મેળવેલ ન હોય તેવા ખેડુતોને અગ્રતા આપવાની રહેશે.

૧૨. લાભાર્થીએ ખેડુત હોવાના આધારો તથા અન્ય સાધનિક પત્રો રજુ કરવાના રહેશે.

૧૩. આ યોજના માટેનો અમલીકરણ એજન્સીઓએ / અમલીકરણ ખાતાએ પ્રાયોજના વહીવટદારશ્રીને વખતોવખત કામગીરીનો પ્રગતિ અહેવાલ **પરિશિષ્ટ-૪** મુજબ રજુ કરવાનો રહેશે.

૧૪. જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદારશ્રી વાડી યોજનાની કામગીરીની વખતોવખત સમીક્ષા કરશે અને તે અંગે કમિશનર, આદિજાતિ વિકાસ, ગાંધીનગરને અહેવાલ રજૂ કરશે.

૧૫. વાડી યોજના હેઠળ થયેલ સાધન સામગ્રી ખર્ચ તથા મજુરી ખર્ચ મળીને થતાં કુલ ખર્ચના વધુમાં વધુ ૧૫ ટકા જેટલી રકમ અમલીકરણ એજન્સી (સ્વૈચ્છિક સંસ્થાઓ) ના ક્ષેત્રીય અમલીકરણ, વહીવટી અને વિસ્તરણ ખર્ચને પહોંચી વળવા અંગે ચુકવવાનો રહેશે.

૧૬. પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેકટ દ્વારા યોજનાનું ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર (યુ.ટી.સી.) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ ગાંધીનગરને રજુ કરવાનું રહેશે.

૧૭. આ વાડી યોજના હેઠળ નબળી કામગીરી કરનાર કે અધુરી કામગીરી છોડી જનાર અમલીકરણ એજન્સીઓને કાળી યાદીમાં મૂકી ભવિષ્યમાં આ યોજના નીચે કામગીરી સોંપી શકાશે નહીં.

૧૮. આ યોજના કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરના સંપુર્ણ નિયંત્રણ હેઠળ રહેશે. યોજનાને લગતી કોઇપણ બાબત માટે કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો પરામર્શ કરવાનો રહેશે.

## <u>પરિશિષ્ટ-૪</u>

## <u>વાડી યોજનાનો પ્રગતિ અહેવાલ</u>

માહે :-____________ થી ____________.

વર્ષ:. ____________

**<u>ભાગ-૧</u>**

૧. પ્રાયોજનાનું નામ :-

૨. અમલીકરણ એજન્સીનું નામ સરનામું :-

૩. પ્રોજેકટ વિસ્તાર :-

૪. ૧. કુલ ખર્ચ :-

૨. પ્રોજેકટ સમયગાળો :-

૩. પ્રોજેકટ પૂર્ણ કરવાનો સમય :-

૫. ધિરાણ ની વિગતો

૧. બેંક લોન :-

૨. સરકારી ગ્રાન્ટ :-

૩. લાભાર્થીઓનો ફાળો :-

૪. સંસ્થાનો ફાળો :-

<u>**ભાગ-૨**</u>

અમલીકરણ એજન્સીનું નામ :-

માહે :- વર્ષ :-

અમલીકરણ વિસ્તાર:-

<u>આવરી લેવાયેલ લાભાર્થીઓની વિગત</u>

| અ.નં | લાભાર્થીનું નામ | ગામ | સર્વે નંબર | વાડી નીચે વિસ્તાર (એકર ગુંઠા) | આપેલ કબજો/રોપાઓની વિગત આંબા કલમ, ચીકુ, લીંબુ, આમળા, સીતાફળ | | | કુલ ખર્ચ | લાભાર્થી ફાળો | સંસ્થાનો ફાળો | સહાયની રકમ | સહાય ના ટકા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કુલ | સંખ્યા | જીવંત કલમો | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |

# પરિશિષ્ટ-૨

વાડી યોજના પ્રતિ એકરે ત્રણ વર્ષના પ્રોજેક્ટનો ખર્ચ અને સહાયની વિગતઃ-

(રૂપિયામાં)

| અ.નં. | વર્ષ | સાધન-સામગ્રી ખર્ચ | મજુરી ખર્ચ | કુલ ખર્ચ | ૭૫ ટકા સહાયની રકમ | અમલીકરણ એજન્સીના ૧૫ ટકા વહીવટી ખર્ચ | એકંદર કુલ ખર્ચ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | પ્રથમ વર્ષ | ૬૫૩૦.૦૦ | ૧૫૦૦.૦૦ | ૮૦૩૦.૦૦ | ૬૦૨૩.૦૦ | ૧૨૦૫.૦૦ | ૯૨૩૫.૦૦ |
| ૨. | બીજું વર્ષ | ૨૦૬૦.૦૦ | - | ૨૦૬૦.૦૦ | ૧૫૪૫.૦૦ | ૩૦૯.૦૦ | ૨૩૬૯.૦૦ |
| ૩. | ત્રીજું વર્ષ | ૧૯૦૦.૦૦ | - | ૧૯૦૦.૦૦ | ૧૪૨૫.૦૦ | ૨૮૫.૦૦ | ૨૧૮૫.૦૦ |
|  | કુલ | ૧૦૪૯૦.૦૦ | ૧૫૦૦.૦૦ | ૧૧૯૯૦.૦૦ | ૮૯૯૩.૦૦ | ૧૭૯૯.૦૦ | ૧૩૭૮૯.૦૦ |